**Media Release**

# ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસની ઊજવણી કરી

**અમદાવાદ, 27 જૂન, 2023:** આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ મંગળવારે તેના કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસની ઊજવણી કરી હતી. આ ઊજવણીએ ભારતના આર્થિક વિકાસમાં એમએસએમઈના મહત્વને દર્શાવ્યું હતું. તેણે એમએસએમઈના વિકાસ અને ટકાઉપણા સંબંધિત મુદ્દાઓ અને તેના ઉકેલ માટે અમલમાં મૂકી શકાય તેવા સોલ્યુશન્સ પર ચર્ચા પણ કરી હતી.

શ્રી બી એમ પ્રજાપતિ, આઈએએસ, અધિક ઉદ્યોગ કમિશનર (વિસ્તરણ), ઇન્ડસ્ટ્રીઝ કમિશનરેટ, ગુજરાત સરકાર આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોમાં શ્રી શૈલેષ પટવારી, ભૂતપૂર્વ પ્રમુખ, જીસીસીઆઈ અને ડિરેક્ટર, નેક્સસ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને શ્રી આકાશ પવાર, ડેપ્યુટી જનરલ મેનેજર ઈન્ચાર્જ, સીડબી, અમદાવાદ સમાવિષ્ટ હતા. શ્રી ડી.એમ. જાડેજા, ડેપ્યુટી કમિશનર ઓફ ઈન્ડસ્ટ્રીઝ, એમએસએમઈ કમિશનરેટ, ગુજરાત સરકારે એમએસએમઈ સેક્ટરના વિકાસ માટે સરકારની વિવિધ પહેલ વિશે માહિતી શેર કરી હતી.

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ તેમની શરૂઆતની ટિપ્પણીમાં જણાવ્યું હતું કે "સમગ્ર ઉદ્યોગસાહસિક ચળવળનું નેતૃત્વ એમએસએમઈ દ્વારા કરવામાં આવે છે. આ સેક્ટરનો ફાળો ઘણો મોટો છે. એમએસએમઈ બેરોજગારી, ગરીબી અને વિવિધ અસમાનતાના મુદ્દાઓને સંબોધીને પ્રાદેશિક સંતુલન જાળવવામાં મદદ કરે છે. ઉદ્યોગો, નીતિ ઘડનારાઓ અને સંસ્થાઓએ એમએસએમઈ વૃદ્ધિ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરવા માટે હાથ મિલાવવો પડશે. ઈડીઆઈઆઈ આ ક્ષેત્રના ઉત્થાન અને તેના વિકાસને વેગ આપવા રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહી છે."

શ્રી બી. એમ. પ્રજાપતિ, આઈએએસ, અધિક ઉદ્યોગ કમિશનર (વિસ્તરણ), ઇન્ડસ્ટ્રીઝ કમિશનરેટ, ગુજરાત સરકારે જણાવ્યુ હતું કે "એમએસએમઈ ક્ષેત્રમાં હસ્તક્ષેપ માટે ઘણો અવકાશ છે, જે આપણા અર્થતંત્રની કરોડરજ્જુ છે. યુવાનોની બેરોજગારીની સમસ્યાના ઉકેલ માટે એમએસએમઈ સેક્ટરને મજબૂત કરવાની જરૂર છે. કોવિડ દરમિયાન એમએસએમઈને

સૌથી વધુ નુકસાન થયું. તેથી સેક્ટરને મજબૂત કરવા અને એમએસએમઈની સંભવિતતામાં આપણા યુવાનોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે ઘણા ક્ષેત્રો પર કામ કરવાની જરૂર છે. અમે આ અંતરને ઓળખવા માટે ડાયગ્નોસ્ટિક સ્ટડી શરૂ કરી છે. સેક્ટરને સમજવા અને આ રીતે યોગ્ય નીતિઓ ઘડવા માટે ક્લસ્ટર મુજબનો ડેટા ફરજિયાત છે. આમ, આ દિશામાં પ્રયત્નો ચાલુ છે અને પરિણામો આનંદદાયક હશે."

જીસીસીઆઈના ભૂતપૂર્વ પ્રમુખ અને નેક્સસ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર શ્રી શૈલેષ પટવારીએ અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે "એમએસએમઈ સેક્ટરને મજબૂત કરવાની ખૂ જરૂરિયાત છે અને ઘણી બધી હેન્ડહોલ્ડિંગની સુવિધા ઊભી કરવી જરૂરી છે. એમએસએમઈ માટે ઘડવામાં આવેલા લાભો સેક્ટર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે એક સિસ્ટમની સ્થાપના કરવી પડશે. કેટલાક ક્ષેત્રોને પ્રોત્સાહન આપવાની જરૂર છે; દાખલા તરીકે, કાપડ ક્ષેત્ર ઘણી વસ્તુઓની આયાત પર મોટાભાગે નિર્ભર છે. તેથી આ ક્ષેત્ર વિશાળ સંભાવના ધરાવે છે અને તેને યોગ્ય રીતે પ્રોત્સાહન આપવું જોઈએ. આમ, બજાર સંશોધન પર ભાર મૂકવાની જરૂર છે, જેથી એમએસએમઈને એવા ક્ષેત્રોમાં પ્રમોટ કરવામાં આવે જ્યાં સંભાવનાઓ રહેલી છે."

શ્રી આકાશ પવાર, ડેપ્યુટી જનરલ મેનેજર, ઈન્ચાર્જ સીડબી, અમદાવાદે જણાવ્યું હતું કે, "સીડબીની રચના એમએસએમઈ વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કરવામાં આવી હતી અને ઘણી સારી અર્થપૂર્ણ નીતિઓ સાથે અમે લોકોને, ખાસ કરીને યુવાનોને એમએસએમઈ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા માગીએ છીએ. સીડબી એ 'પ્રમોશન', 'ફાઇનાન્સ' અને એમએસએમઈના વિકાસના ઉદ્દેશ્યોને અનુસરીને તેની પહોંચ વધારવાનો માર્ગ અપનાવ્યો છે. હું આવનારા તમામ ઉદ્યોગસાહસિકોને સીડબીની મહત્વાકાંક્ષી અને ઉદ્યોગસાહસિકોને સાનુકૂળ યોજનાઓમાંથી લાભ મેળવવા વિનંતી કરું છું."

શ્રી ડી.એમ.જાડેજા, ડેપ્યુટી કમિશ્નર ઓફ ઈન્ડસ્ટ્રીઝ, એમએસએમઈ કમિશ્નરેટ, ગુજરાત સરકાર દ્વારા એમએસએમઈના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી રજૂઆત કરવામાં આવી હતી. શ્રી જાડેજાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેક્નોલોજી જ્યારે વ્યાપકપણે વિકસી રહી છે ત્યારે વૃદ્ધિ અને બંધ થવાથી ડરવાને બદલે, એમએસએમઈ ટેક્નોલોજી લક્ષી અને ભવિષ્યને ધ્યાનમાં લઈને વિકાસલક્ષી બને તે સુનિશ્ચિત કરવામાં સરકારની ભૂમિકા વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે.